કેદી સારવાર ખર્ચની રકમની મંજૂરી બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**ક્રમાંકઃજલક-૪૩૨૦૦૯-૨૫૫૮(ભાગ-૧)-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
તારીખઃ 19 NOV 2011

## આમુખ:-

પ્રવર્તમાન મુંબઇ જેલ મેન્યુઅલના નિયમ ૬૦૯ મુજબ રાજયની જેલોમાં કેદીઓને સામાન્ય ઉપચાર માટે તબીબી સેવા સરકારી ખર્ચે જેલ ખાતે ઉપલબ્ધ કરવામાં આવે છે. જયારે આ જેલમાંના કેદીને મેડીકલ ઓફીસર જેલની બહાર રાજયની સિવિલ હોસ્પિટલમાં તબીબી સારવાર માટે લઇ જવા માટે અભિપ્રાય આપે ત્યારે જ કેદીને જે તે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સરકારી ખર્ચે સારવાર આપવાની રહે છે. કેદીને ખાનગી અથવા અર્ધ સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવવા અંગેની વ્યવસ્થા સલામતીના દ્રષ્ટિકોણથી ઈચ્છનીય નથી. અલબત, જો જેલમાં કેદીને તબીબી સારવાર સમયસર મળે નહીં અને જો કેદીનું મૃત્યુ થાય તો રાષ્ટ્રિય માનવ અધિકાર પંચને સરકાર દ્વારા ખુલાસો કરવાનો થાય છે, તથા માનવ અધિકાર પંચે નકકી કરે તે મુજબ વળતર પણ ચૂકવવું પડે છે. કેદીના સગા જો કોર્ટમાં જાય તો કોર્ટ કેસોનો પણ સરકારે સામનો કરવો પડે છે. આમ, કાયદાની જોગવાઇ અન્વયે કરવામાં આવેલ સજા કેદી પૂર્ણ કરે ત્યાં સુધી જેલમાં તંદુરસ્ત રહે તે માનવતાના ધોરણે તથા કરવામાં આવેલ સજા કેદી દ્વારા પૂરેપૂરી ભોગવાય તે માટે જરૂરી છે. સમયસરની તબીબી સારવાર નહીં મળવાના કારણે કેદીનું કસમયનું મૃત્યુ રાષ્ટ્રિય માનવ અધિકાર પંચને કરવાના થતા ખુલાસા અને વળતર ચૂકવવાના આદેશોનું કારણ બને છે. ઉપરાંત, કોર્ટ કેસોનો સામનો પણ કરવો પડે છે. જેની પાછળ સરકારશ્રીના નાણાં તથા વહીવટી તંત્રના સમયનો વ્યય થાય છે. આમ, ઉપર્યુકત પ્રવર્તમાન જોગવાઇ મુજબ રાજયની જેલોમાં સજા ભોગવતા કેદીઓને જેલ ડીસ્પેન્સરી સિવાય બહારની હોસ્પિટલોમાં સારવાર કરાવવા માટે ચૂકવવાની થતી રકમ મંજૂર કરવા માટે અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ દ્વારા આ તબીબી સારવારના ખર્ચની રકમ ચૂકવવાની મંજૂરી માટે આ વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવે છે. આ દરખાસ્ત નાણા વિભાગની મંજૂરી માટે આ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં ઘણો સમય જતો હોવાથી કેદીને આપવાની થતી તબીબી સારવારનો મુખ્ય હેતુ પૂર્ણ થતો નથી. આથી, આ પ્રકારની વારંવાર કરવામાં આવતી દરખાસ્તોને મંજૂરી આપવાની પ્રક્રિયામાં વધુ વિલંબ ન થાય તે માટે તેમજ કેદીને જરૂરી સારવાર સમયસર ઉપલબ્ધ કરાવી શકાય તે માટે તબીબી સારવારનો ખર્ચ રીઇમ્બર્સ કરવા સંબંધે નાણાં વિભાગે આ અંગેની પોલીસી નકકી કરવા સૂચન કરેલ હતું. તે અન્વયે કેદીઓના સારવાર ખર્ચ કરવાની નીતિ અંગેની બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ કેદીના સારવાર ખર્ચની ચૂકવણી માટેની નીચે જણાવ્યા મુજબની કાર્યવાહક નીતિ ઠરાવેલ છે.

## ઠરાવઃ-

(૧) રાજ્યના જુદા જુદા જિલ્લામાં આવેલ જુદી જુદી જેલોમાં અંદરના કેદીઓ માટે સરકારશ્રીએ સરકારી ખર્ચે તબીબી સારવાર માટેની સગવડ કરેલ છે. આવા કેદીઓની તબીબી સારવાર જેલના દવાખાનામાં શક્ય ન બને ત્યારે જેલના તબીબી અધિકારીના અભિપ્રાયને ધ્યાને લઇ કેદીઓને જેલની બહાર સંબંધિત જિલ્લાની સરકારી સિવિલ હોસ્પિટલમાં તબીબી સારવાર આપવાની રહે છે. આ સારવારનો ખર્ચ સરકાર દ્વારા ભોગવવાનો રહેશે.

(૨) જે જિલ્લામાં આવી તબીબી સારવાર શક્ય બને નહીં ત્યારે નજીકના જે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં આવી તબીબી સારવાર ઉપલબ્ધ હોય ત્યાં કેદીને લઇ જવાનો રહેશે. આ ઉપરાંત જ્યારે આવી તબીબી સારવારની સેવા નજીકના જિલ્લામાં ઉપલબ્ધ ન થાય ત્યારે રાજ્યમાં જ્યાં આવી સારવાર ઉપલબ્ધ થતી હોય ત્યાં સરકારી સિવિલ હોસ્પિટલમાં જેલ ધ્વારા એમ્બ્યુલન્સની તથા જાપ્તાની પૂરતી વ્યવસ્થા કરી કેદીને સમયસર તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

**ઉદાહરણ તરીકે** :- હૃદયરોગની સારવાર માટે અમદાવાદ ખાતે યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ, કેન્સર માટે એમ.પી.શાહ કેન્સર ઇન્સ્ટીટ્યુટ તથા કિડની સંબંધી રોગોની સારવાર માટે કિડની હોસ્પિટલમાં કેદીઓની સારવાર કરાવવાની રહેશે.

(૩) જ્યારે કેદીને જેલના દવાખાના સિવાય બહારની સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવાની થાય ત્યારે કેદીઓને ઉપલબ્ધ કરવાની થતી સારવારના પ્રકાર પ્રમાણે સરકારના ધારાધોરણ મુજબ સંબંધિત હોસ્પિટલમાં અંદાજીત રકમ જમા કરાવવાની હોય છે. આ રકમ ચુકવવા માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી ધ્વારા ચૂકવવાના થતાં નાણાની મંજુરી માટે આ વિભાગને દરખાસ્ત મોકલવામાં આવે છે. હાલની પ્રથા મુજબ આ દરખાસ્ત આ વિભાગ દ્વારા નાણા વિભાગની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. જેમાં વિલંબ થવા પામે નહીં તે માટે હવે પછી આવી મંજૂરી ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાએથી આપવાની રહેશે. જેથી નાણા વિભાગની મંજુરીની આવશ્યકતા રહેશે નહીં.

(૪) આવા તમામ ખર્ચ કરવાની દરખાસ્તો સારવાર આપનાર હોસ્પિટલના નાણાકીય અધિકૃતતા ધરાવતા અધિકારી ધ્વારા મોકલેલ અંદાજ પર – જેલ ડોકટર તથા જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીના સંયુકત પ્રતિહસ્તાક્ષર કરી સત્વરે વિભાગને મોકલવામાં આવે તે જેલ વિભાગે જોવાનું રહેશે.

(૫) કેદીઓને ખાનગી અથવા અર્ધસરકારી હોસ્પિટલમાં સારવાર કરાવવાનું સલામતીના દ્રષ્ટિકોણથી ઇચ્છનીય નથી. તેથી કેદીને સારવાર ખાનગી અથવા અર્ધસરકારી હોસ્પિટલમાં કરાવવાની રહેશે નહીં. આ બાબતમાં ચોકકસ કિસ્સામાં જો નામદાર કોર્ટના આદેશ થાય તો તે અન્વયે જ કેદીને તેમના ખર્ચે અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવાની રહેશે.

૩.	આ અંગેનો ખર્ચ સંબંધિત નાણાકીય વર્ષની જેલ ખાતાની વખતો વખત મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪.	આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૧/૦૯/૧૧ તેમજ સરકારશ્રીની તા.૦૮/૧૧/૧૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(ધીમંત એ. પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(જેલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજકોટ / અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ & ઇ), ગુજરાત, અમદાવાદ
જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
નાયબ સચિવશ્રી,(સેવા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ) સચિવાલય, ગાંધીનગર
સર્વે જેલ અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલ/ખાસ જેલ/જિલ્લા જેલ/સબ જેલ **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
સેકશન અધિકારીશ્રી, **'આર'** શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
શાખા સિલેકટ ફાઇલ